વિભાગ હેઠળના બોર્ડ/નિગમ/સંસ્થાના
વાર્ષિક હિસાબો સમયસર પૂર્ણ કરવા,
ઓડીટ કરાવવા અને વિધાનસભાગૃહમાં
મુકવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ-પરચ/૧૨૨૦૧૫/૪૧૪૧૪૬/ચ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૧૦/૨૦૧૬

સંદર્ભઃ- નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ- જનવ/૧૦૨૦૦૪/૧૮૧૬/અ, તા. ૨૮/૭/૨૦૦૪

**પરિપત્રઃ-**

રાજ્ય સરકારના જાહેર સાહસો/બોર્ડ/નિગમો/સંસ્થાઓએ તેમના વાર્ષિક હિસાબો/અહેવાલ સમયસર પૂર્ણ કરી, ઓડીટ કરાવીને તેના એકટ અથવા રચનાની જોગવાઇઓ મુજબ વિધાનસભાના મેજ પર મૂકવાના રહેતા હોય તો સમયસર મૂકવા માટે નાણાં વિભાગના સંદર્ભ હેઠળના ઉપર દર્શાવેલ પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવેલી છે, તેમ છતાં, વિભાગના ધ્યાન પર આવ્યું છે કે, કેટલાક જાહેર સાહસો/બોર્ડ/નિગમો તેમના વાર્ષિક હિસાબો/અહેવાલો કાયદાથી અથવા અન્ય રીતે ઠરાવેલી સમયમર્યાદામાં પૂર્ણ કરાવતા નથી, તથા તેનું ઓડીટ કાર્ય પણ સમયસર પૂર્ણ કરવામાં આવતું નથી. આ બાબતે વિધાનસભાની સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો માટેની સમિતિ તેમજ એકાઉન્ટન્ટ જનરલ દ્વારા અવારનવાર સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે. આ બાબતે નાણાં વિભાગે પણ વખતો-વખત સર્વે વિભાગનું ધ્યાન દોર્યુ છે. વંચાણે લીધેલાં નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃ- જનવ-૧૦૨૦૧૪-૧૮૧૬-અ તા. ૨૮/૭/૨૦૦૪ (નકલ બિડેલ છે.) પણ સમયબધ્ધ (Time bound) કાર્યક્રમ દ્વારા વાર્ષિક હિસાબો વગેરે વિધાનસભાના મેજ પર મૂકવા માટે તાકીદ કરવામાં આવેલી છે. આવા અહેવાલો સમયમર્યાદામાં મૂકાય તે માટે વિધાનસભાના મેજ ઉપર અહેવાલો મૂકવાની સમિતિએ પણ વારંવાર ટકોર સાથે તાકીદ કરેલી છે તેમ છતાં પણ આ બાબતે હજી ઇચ્છિત પરિણામ આવતુ નથી.

આ વિભાગ હસ્તકના કેટલાક બોર્ડ/નિગમના અહેવાલોને વિધાનસભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણોની તપાસ માટે તા. ૧૮/૧૦/૨૦૧૬ ના રોજ મળેલી સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિની બેઠકમાં વિલંબના કારણો અંગે સમિતિ દ્વારા વિગતવાર ચર્ચા સમિતિ દ્વારા કરવામાં આવી હતી. આ ચર્ચા વિચારણાના અંતે વિભાગ દ્વારા વિલંબ નિવારીને સમયસર આ પ્રકારના અહેવાલો વિધાનસભામાં મૂકાય તેવી સૂચના વિભાગ હેઠળના દરેક નિગમ/બોર્ડ સંસ્થાને પરિપત્રિત કરવામાં આવશે, તેવી ખાતરી સમિતિને આપવામાં આવી હતી.

આ વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ પ્રભાગ અને વિકસતિ જાતિ પ્રભાગ હેઠળના આઠેય નિગમોને આથી જણાવવામાં આવે છે કે, નિગમના વાર્ષિક હિસાબો/અહેવાલો સમયસર તૈયાર કરવા માટે સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણૂંક, હિસાબો લખવાની કાર્યવાહી, આંતરિક ઓડીટની કાર્યવાહી, નિગમ/બોર્ડની બેઠકમાં મંજૂરી માટે મૂકવાની કાર્યવાહી, અહેવાલોનું ગુજરાતી ભાષાંતર અને મુદ્રણ સમયસર થાય તે માટે અસરકારક કાર્યવાહી કરીને નિયત સમય-મર્યાદામાં અહેવાલો વિધાનસભામાં રજૂ થાય તે માટે પૂરતી કાળજી લેવાની રહેશે. કાયદાની જોગવાઇ અને નાણા વિભાગની સ્પષ્ટ સુચનાઓ છતાં અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મુકવામાં થતાં વિલંબ માટે મેનેજીંગ ડાયરેકટરની જવાબદારી નકકી કરવામાં આવશે.

આ વિભાગ હેઠળના બોર્ડ/નિગમ/સંસ્થા અંગે વિભાગમાં કામગીરી સંભાળતા સંબંધિત ઉપસચિવશ્રીએ આ અંગે મોનીટરીંગ કરીને સચિવશ્રીને વખતોવખત વાકેફ કરવાના રહેશે.

આ વિષય સબંધમાં નાણાં વિભાગની સૂચનાઓને આખરી ગણવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

**પ્રતિ,**

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રાજયકક્ષા મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણાં વિભાગ-જાહેર સાહસોનું બ્યુરો/અ શાખા
એકાઉન્ટ જનરલ શ્રી, એકાઉન્ટન્ટ જનરલની કચેરી, અમદાવાદ/રાજકોટ
વિભાગ હેઠળના સર્વે નિગમ/બોર્ડ/સંસ્થા
વિભાગના સેકશન અધિકારીશ્રી અ,અ૧, બ, ગ, જ, છ, છ૧ શાખાઓ.
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, પરિપત્ર વિભાગની વેબ સાઇટ પર મુકવા સારું.
પસંદગી ફાઇલ.

રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન / કંપની / સંસ્થાના વાર્ષિક હિસાબો સમયસર પૂર્ણ કરવા, ઓડિટ કરાવવા અને વિધાનસભાગૃહમાં મૂકવા બાબત.

ગુજરાત સરકાર,
**નાણાં વિભાગ,**
પરિપત્ર ક્રમાંક : જનવ-૧૦૨૦૦૪-૧૮૧૬-અ,
સચિવાલય, ગાંધીનગર,
તા. 28 JUL 2004

**સંદર્ભ :-**

(૧) પરિપત્ર ક્રમાંક : જેએનવી/૧૦૯૮/૩૪૩૯/અ, તા.૦૫-૧૨-૧૯૮૫.
(૨) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૬૮૬/૨૭૧૨/અ, તા.૧૬-૦૬-૧૯૮૬.
(૩) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૦૯૦/૧૪૮૧/અ, તા.૨૬-૦૨-૧૯૯૧.
(૪) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૪૯૧/૪૧૭૩/અ, તા.૦૫-૦૯-૧૯૯૨.
(૫) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૪૯૫/૨૯૬૧/અ, તા.૨૭-૧૧-૧૯૮૭.
(૬) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૦૯૮/૨૧૧/અ, તા.૧૮-૦૩-૧૯૯૮.
(૭) પરિપત્ર ક્રમાંક : જનવ/૧૦૨૦૦૨/૨૯૪૮/અ, તા.૧૨-૧૧-૨૦૦૨.

**<u>પરિપત્ર.</u> :-**

રાજ્ય સરકારના જાહેર સાહસોએ તેમના વાર્ષિક હિસાબો/અહેવાલ સમયસર પૂર્ણ કરી, ઓડીટ કાર્ય પૂર્ણ કરાવીને તેના એકટ મુજબ વિધાનસભાગૃહના મેજ પર મુકવાના રહેતા હોય તો સમયસર મૂકવા માટે નાણા વિભાગના સંદર્ભ (૧) થી (૭)માં દર્શાવેલ પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવેલી છે. તેમ છતાં, સરકારશ્રીના ધ્યાન પર આવ્યું છે કે, રાજ્યના કેટલાંક જાહેર સાહસો તેમના વાર્ષિક હિસાબો / અહેવાલો કાયદાથી ઠરાવેલી સમયમર્યાદામાં પૂર્ણ કરાવતા નથી તથા તેનું ઓડીટ કાર્ય પણ સમયસર પૂર્ણ કરવામાં આવતું નથી. એકાઉન્ટન્ટ જનરલશ્રી ધ્વારા પણ આ બાબતે અવાર-નવાર સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે.

..૨..

અગિયારમી ગુજરાત વિધાનસભાની સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો માટેની સમિતિ બીજા અહેવાલમાં પણ આ બાબતે સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવેલ છે. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો માટેની સમિતિ, અગિયારમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમિતિએ નીચે પ્રમાણે ભલામણો કરી છે.

"(૧) જે બોર્ડ / નિગમમાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સ અસ્તિત્વમાં ન હોય તેવા બોર્ડ / નિગમોના હિસાબો મંજૂર કરાવવાની કામગીરી અને સત્તા બીજા કોઇ સત્તાધિકારીને સોંપી શકાય તે પ્રમાણેનો વિકલ્પ વિચારી આ કામગીરી હાથ ધરવા જરૂરી પગલાં લેવા.

(૨) બોર્ડ / નિગમના હિસાબો, અહેવાલો / પ્રકાશનો સમયસર તૈયાર થાય, ઓડિટ થાય અને સભાગૃહમાંમાં રજૂ થાય તે માટે સંબંધિત વિભાગે મોનીટરીંગ કરાવી અને તે માટે કોઇ અધિકારીની જવાબદારી નક્કી કરી આ કામગીરી કોઇ ચોક્કસ અધિકારીને સોંપવા જરૂરી પગલાં લેવા.

(૩) બોર્ડ / નિગમના અહેવાલો સભાગૃહમાં રજૂ કરવામાં થતો વિલંબ નિવારવા માટે રાજય સરકારે કેન્દ્ર સરકારે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી શક્ય તેટલી ઝડપથી સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક થાય તે માટે અસરકારક પ્રયાસો કરવા.

(૪) વિધાનસભાના મેજ ઉપર મૂકાતા અહેવાલો/પ્રકાશનોના વિલંબનું મુખ્ય કારણ ભારતના સી.એ.જી. ધ્વારા ઓડિટર્સની નિમણૂકમાં થતો વિલંબ છે. સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક બાબતમાં જે તે બોર્ડ / કોર્પોરેશન નક્કી કરી શકતું નથી, આવી નિમણૂક માટેની દરખાસ્ત એકાઉન્ટન્ટ જનરલ મારફત કંપની લો બોર્ડને મોકલવામાં આવે છે. અને કંપની લો બોર્ડને મોકલવામાં આવે છે અને કંપની લો બોર્ડ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પરામર્શમાં રહીને સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક કરે છે. વળી સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક એક-એક વર્ષના હિસાબોના ઓડિટ માટે કરવામાં આવે છે. તેથી દર વર્ષે આ રીતે નિમણૂક કરવાની પ્રક્રિયામાં ઘણો સમય વ્યતિત થાય છે. તેથી સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક એક વર્ષના બદલે સળંગ ૩ વર્ષ માટે જો થાય તો ઓડિટની કામગીરી ઝડપથી સમયસર પૂર્ણ કરી શકાય તેથી આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. તદઉપરાંત સમિતિના ધ્યાન પર એવું પણ આવ્યું છે કે કંપની લો બોર્ડ ધ્વારા સ્ટેચ્યુટરી ઓડિટર્સને ચૂકવવાની થતી ફીના દરો ઓછા હોવાના કારણો જણાવી સામાન્ય રીતે સ્ટેચ્યુટરી ઓડિટર સરકારી કંપનીમાં ઓડિટ કરવા માટે જલ્દીથી તૈયાર થતા નથી અને ઓડિટ ફી વધારવા માટેની માગણી કરે છે આ માગણીનો નિર્ણય થવામાં ઘણો સમય જતો હોય છે. જે છેવટે હિસાબોનું ઓડિટ થવાના વિલંબમાં પરિણમે છે. તેથી ઓડિટરની ઓડિટ ફીના દરોમાં વધારો કરવા કંપની લો બોર્ડ અને એ.જી.કચેરી સાથે જરૂરી પરામર્શ કરીને ફીના દરોમાં સુધારો થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.

સમિતિની ઉપરોક્ત ભલામણોના સંદર્ભમાં સત્વરે અસરકારક પગલાં લેવા સરકારના સર્વે વિભાગો / બોર્ડ / નિગમ તેમજ સરકારના નાણા વિભાગ એ.જી. સાથે પરામર્શ કરીને સંયુક્ત રીતે કાર્યવાહી હાથ ધરે તેવી સમિતિ ભલામણ કરે છે. ''

રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન / કંપની / સંસ્થાઓ તેના વાર્ષિક હિસાબો / અહેવાલોનું ઓડિટ કાર્ય સમયમર્યાદામાં પૂર્ણ કરવા અંગેનો કાર્યક્રમ તા.૦૫-૧૨-૧૯૮૫ના પરિપત્ર અન્વયે નીચે પ્રમાણે દર્શાવેલ છે.

| ક્રમ | કામગીરી | તારીખ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ઓડીટના હેતુ માટે સંસ્થા તરફથી હિસાબો રજુ કરવા. | જે તે હિસાબી વર્ષની ૩૦ જૂન |
| ૨ | એકાઉન્ટન્ટ જનરલને ઓડિટ માટે હિસાબો માટે હિસાબો રજુ કરવા. | ૨૫ સપ્ટેમ્બર. |
| ૩ | એકાઉન્ટન્ટ જનરલના ઓડિટના પ્રશ્નો(મુદ્દાઓ)ના જવાબો જે તે સંસ્થા તરફથી એકાઉન્ટન્ટ જનરલને આપવા. | ૧૫ ઓક્ટોબર |
| ૪ | વિધાનસભા સમક્ષ મુકવા માટે પૂર્ણ કરેલ ઓડિટ રીપોર્ટ સરકારશ્રીમાં મોકલવા. | ૩૧ ઓક્ટોબર સુધીમાં |
| ૫ | વિધાનસભામાં ઓડિટ રીપોર્ટ મુકવા. | ૩૧ ડિસેમ્બર અથવા તે પછીના વહેલામાં વહેલા મળનાર વિધાનસભા સત્ર દરમ્યાન. |

આ પરિપત્રમાં નિર્દિષ્ટ સમયમર્યાદામાં જાહેર સાહસો / બોર્ડ / નિગમ / સંસ્થાના વાર્ષિક હિસાબોનું આખરીકરણ કરીને વિધાનસભાગૃહના મેજ પર સમયસર મૂકવાના રહે છે. આજના બદલાયેલા તેમજ સ્પર્ધાત્મક સમયમાં રાજય સરકારના બોર્ડ / કોર્પોરેશન / નિગમો / સંસ્થાના હિસાબો પડતર રહે અને જો તે વિધાનસભાગૃહમાં રજૂ કરવાના રહેતા હોય અને તે સમયસર રજૂ થાય નહિ તે બાબત રાજય સરકારે ખૂબજ ગંભીરતાથી લીધી છે. તથા વિધાનસભા સમિતિની ઉક્ત ભલામણ ધ્યાને લઇ એકાઉન્ટન્ટ જનરલ, સ્ટેચ્યુટરી ઓડિટર તથા ઓડિટની કામગીરી સંભાળતા સર્વે અધિકારી તેમજ નાણા વિભાગ સાથે પરામર્શમાં રહી આ કામગીરી સમયસર પૂર્ણ થાય તેમ જોવા સચિવાલયના સર્વે વહીવટી વિભાગો તેમજ રાજ્યના દરેક જાહેર સાહસોના વડાને આથી વિનંતી કરવામાં આવે છે. સર્વે વહીવટી વિભાગે પણ આ બાબતે મોનીટરીંગ કરવાનું રહેશે. અને તે માટે જે તે વિભાગે કોઇ એક અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

અને તે વિભાગ હસ્તકના જાહેરસાહસો / સંસ્થાઓના વાર્ષિક હિસાબો / અહેવાલો સમયસર આખરી કરી ગૃહના મેજ પર મૂકાઈ જાય તેની તકેદારી રાખવા પણ સર્વે વહિવટી વિભાગોને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે.રાકેશ)
અધિક સચિવ(જા.સા.),
નાણા વિભાગ.

પ્રતિ,

- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલની કચેરી, અમદાવાદ / રાજકોટ.
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો (જરૂરી કાર્યવાહી અર્થે).
- રાજય સરકાર હસ્તકના સર્વે જાહેર સાહસો.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રી(નાણા સલાહકારશ્રી સહિત).
- નાણા વિભાગની સર્વે શાખાઓ(નાણા શાખાઓ સહિત).
- બુક સરક્યુલર, સિલેક્ટ ફાઈલ અ-શાખા, નાણા વિભાગ.